જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧/૨૦૧૪ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૭૪/૧૪**

**એસઓજી ક્રાઇમ**

ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી સી.એન.રાજપુત એસઓજી ક્રાઇમ બ્રાંન્ચ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી ક્રાઇમના પો.સ.ઇ.શ્રી સી.બી.ગામીત તથા સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ લુટના ગંભીર બનાવોને શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી હકીકત મળેલ કે એક ઇસમ નામે પ્રદીપકુમાર S/O શ્રી પ્રમોદકુમાર જાતે યાદવ મુળ વતનઃ ગામઃ મહારાજપુર પોસ્ટ. બિના થાના:ચોબીયા તા.સેફૈઇ જી.ઇટાવા ઉત્તરપ્રદેશ નાનો બોગસ દસ્તાવેજો ઉભા કરી ખોટા સિક્કા બનાવી બોગસ હથિયાર લાયસન્સ બનાવી જે આધારે હથિયાર મેળવી ગીરીશ કોલ્ડ્રિક્સ ચાર રસ્તા ખાતે આવેલ એન.કે.જી.એસ.બી. બેંક એટીએમ ખાતે નોકરી કરતો હોવાની હકીકત મળતાં તપાસ કરતાં સદરહું ઇસમ એક SBBL ગન તથા જીવતા કારતુસ નંગ-૫ તથા એક બોગસ લાયસન્સ સાથે મળી આવતા તેની પુછ્પરછ દરમ્યાન તે સદરહું હથિયાર લાયસન્સ અગાઉ બોડીલાઇન પાસે પરશિમા કોમ્પલેક્ષમાં ગાર્ડ તરીકે નોકરી કરતો હતો ત્યારે નરેશ નામના ઇસમ પાસેથી આ હથિયાર લાયસન્સ બનાવડાવેલ હોવાનું જણાયેલ છે. સદરહું ઇસમને આજરોજ તા.૨૫/૦૧/૨૦૧૪ ના કલાક ૧૭/૩૦ વાગે અટક કરવામાં આવેલ છે. તપાસ દરમ્યાન આવા ઘણા બધા બોગસ હથિયાર લાયસન્સો તથા ગેરકાયદેસર હથિયારો પકડાવાની અને મોટા

ષડયંત્રનો પર્દાફાશ થવાની શકયતા છે આરોપી પાસેથી ગન તથા કારતુસની કિં.રૂ.૧૦,૫૦૦/- ગણી કબજે કરી આગળની વધુ પુછપરછ કરવામાં આવી રહેલ છે.

**<u>ઇસનપુર</u>**

તા ૨૫/૧/૧૪ નારોજ પોલીસ કંટ્રોલ રુમ તરફથી ઇસનપુર વન ગાડીને કલાક ૮/૩૬ વાગે મેસેજ આપવામા આવેલ કે, મો.નં.૯૬૬૨૦૫૪૯૭૧ જોગીન્દર કૌર નાઓ જણાવે છે કે તેઓની દીકરી નામે મનપ્રીત કૌર ઉ.વ.૫ નાની શાહઆલમ દરગાહ પાસે આવેલ બેકરીએથી મારી પાંચ વર્ષની છોકરી જેણે પીળા કલરનુ સ્વેટર પહેરેલ છે જે બિસ્કીટ લેતા લેતા પાંચ મીનીટમા ગાયબ થયેલ છે જે મેસેજ બાબતે ઇસનપુર પો.સ્ટે પોલીસ ઇન્સપેક્ટર શ્રી આર.બી.રાણા.નાઓ તુરંત સદર મેસેજવાળી જગ્યાએ સ્ટાફના માણસો સાથે પહોંચી ગયેલ અને મેસેજ કરાવનાર જોગીન્દરકૌર નાઓને મળી ગુમ થનાર છોકરીના વર્ણનથી વાકેફ થઇ સદર ગુમ થનાર છોકરી બાબતે શાહઆલમ રોજામા તથા આજુબાજુની મસ્જીદના માઇકોમા એલાઉન્સ કરવામા આવેલ તથા સદર જગ્યાએથી પસાર થતા પેસેન્જર ઓટોરીક્ષાવાળાઓને વાકેફ કરી સદર છોકરી મળી આવે તો નજીકના પો.સ્ટે.મા સોંપવા માટેની સુચના આપવામા આવેલ અને ત્વરીત ગુમ થનાર છોકરીની તપાસ કરતા મણીનગર પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસોના સહયોગમા રહી સદર ગુમ થનાર છોકરી મનપ્રિત બાબતે તપાસ કરતા સદર છોકરીને એક ઓટોરીક્ષાવાળા ભાઇને મળી આવતા જેમણે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે સોંપતા જે ગુમ થનાર છોકરી મનપ્રીતને કલાક ૯/૦૦ વાગે શોધી કાઢી તેના માતા જોગીન્દરકૌર રાજેન્દ્રસિંગ પંજાબી (રહે.પતરાવાળી ચાલી,મકાન નંબર ૮/૮, જનતાનગર નીસામે અમરાઇવાડી) ને સહી સલામત સોંપી હતી.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.